ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# અનોખી બેંક : ગાંધીનગર સિવિલમાં હ્યુમન મિલ્ક બેંક ઓગષ્ટ-૨૦૨૧થી કાર્યરત છે

### હ્યુમન મિલ્ક માટે બે પ્રકારના દાતાઓ આ બેંકમાં નોંધાયા છે : એક વર્ષમાં ૬૧૧૧ માતાઓનું કાઉન્સીલીંગ કરાયુ, પિડીયાટ્રીક ટીમ દ્વારા આ નોંખી બેંકના સંચાલનનો સહિયારો પ્રયાસ છે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એક અનોખી બેંક કાર્યરત છે. દેહદાન, રક્તદાન, ચક્ષુદાનની જેમજ અતિ મહત્વની હ્યુમન મિલ્ક બેંક અહિ કાર્યરત છે.

૪થી ઓગષ્ટ ૨૦૨૧થી શરૂ થયેલ આ હ્યુમન મિલ્ક બેંક નવજાત શિશુઓ માટે શરૂ કરવામાં આવી છે. આ હ્યુમન મિલ્ક બેંકનો લાભ ઓછા વજનવાળા, અધુરા મહિને જન્મ લેતા બાળકો વધુ લે છે.

આ હ્યુમન મિલ્ક બેંકમાં બે પ્રકારના દાતા હોય છે. એક એમ.ઓ.એમ. અર્થાત જન્મ પછી બાળકને સારવારની જરૂરિયાત હોય અને પેટીમાં રાખવામાં આવ્યુ હોય ત્યારે માતા તેના બાળક માટે દૂધ જમા કરાવે છે. સિવિલ હોસ્પિટલમાં એમ.ઓ.એમ. દાતા ૮૦૦ જેટલી માતા છે.

તો બીજો પ્રકાર એ બાળક માતાના દૂધથી વંચિત ન રહે તે માટે સ્વેચ્છાએ માતાના દૂધનું દાન કરનાર દાતા. સ્વેચ્છાએ હ્યુમન મિલ્કનું દાન કરનાર દાતાઓની સંખ્યા ૭૬ નોંધાઈ છે.

આ હ્યુમન મિલ્ક બેંકના સંચાલન વિશે વાત કરતાં પિડીયાટ્રીક વિભાગની ટીમે જણાવ્યુ હતુ કે સ્વૈચ્છીક હ્યુમન મિલ્કના દાતાઓના ત્રણેક પ્રકારના ટેસ્ટ કરવામાં આવે છે.

આ માટે ટીમ દ્વારા કાઉન્સીલીંગ પણ કરવામાં આવતુ હોય છે. જાન્યુઆરી-૨૦૨૨થી ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં ૬૧૧૧ માતાઓનું કાઉન્સીલીંગ કરવામાં આવ્યાનું ટીમે કહ્યુ હતુ.

ટીમ સાથેની વાતચીતમાં જાણવા મળ્યુ હતુ કે ૭૬ માતાઓએ સ્વૈચ્છીક રીતે અત્યાર સુધીમાં ૩૬ લીટર જેટલુ હ્યુમન મિલ્ક દાન કર્યુ છે અને તેનો લાભ ૧૪૦ જેટલા નવજાત શિશુઓએ લીધો છે.

માતાએ પોતાના જ બાળક માટે આપેલ હ્યુમન મિલ્ક અત્યાર સુધીમાં ૧૫૬ લીટર જેટલુ પ્રાપ્ત થયુ છે અને તેનો લાભ ૭૩૪ બાળકોને થયો છે.


આ દાતાઓ અંગેની વાતચીત દરમ્યાન એક મહત્વની વાત પણ જાણવા મળી હતી કે અમદાવાદની એક માતાએ ૪ મહિનામાં ૧૮ લીટર જેટલુ હ્યુમન મિલ્ક ગાંધીનગરની આ બેંકને દાન પેટે આપ્યુ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ચાલી રહેલી આ મહત્વની બેંક આમ તો શરૂ થયાને એક જ વર્ષથી થોડો વધુ સમય થયો છે પણ ટીમના સામુહિક પ્રયાસોએ સારા પરિણામ આપ્યા છે.

બાળકને આ દૂધ પેશ્ચુરાઈઝ્ડ કરી અને જીવાણુમુક્ત કરી આપવાની પણ વિશેષ કાળજી લેવામાં આવી રહી છે તેમ ટીમે સ્વીકાર્યુ હતુ. આ મિલ્ક બેંક એ અનોખી બેંક છે.

ગાંધીનગર શહેર જ નહિ પણ જિલ્લાની સૌથી મોટી આરોગ્ય સેવા ધરાવતી આ સિવિલ હોસ્પિટલમાં હ્યુમન મિલ્ક બેંકના સારા પરિણામો સામુહિક પ્રયાસથી મળતાં અન્ય હોસ્પિટલોમાં પણ તે શરૂ કરવાની વિચારણા રાજ્યનું આરોગ્યતંત્ર કરી રહેલ છે.

દાન પેટે મળેલ હ્યુમન મિલ્કને રાખવા માટે ફ્રીઝ સહિતની તમામ સુવિધાઓ બેંકમાં ઉપલબ્ધ છે. સ્વૈચ્છિક દાતાઓ વધે તે માટે કાઉન્સીલીંગ કરવામાં આવી રહ્યુ છે. ૭ હજારથી વધુ માતાઓનું કાઉન્સીલીંગ જ દર્શાવે છે કે ટીમનો સહિયારો પ્રયાસ કેટલો સઘન રીતે આગળ વધી રહ્યો છે.










# મનપામાં રૂ. ૪૬ કરોડ મિલ્કત-વેરાની વસુલાત

### પખવાડિયામાં જ મનપાએ મિલ્કતવેરા પેટે રૂ. ૩.૬૧ કરોડની વસુલાત મેળવી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મનપા દ્વારા વેરા વસુલી અંગેના આક્રમક વલણને લઈ મિલ્કતવેરાની વસુલાત ૪૬ કરોડને પાર પહોંચી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ફેબ્રુઆરી માસના આજે પુરા થતા પખવાડિયાને અંતે રૂ. ૩.૬૧ કરોડની વિક્રમી વસુલાત કરી છે. આજે એક જ દિવસમાં ૭.૩૬ લાખ રૂ.ની વસુલાત કરવામાં આવી છે.

ફેબ્રુઆરી મહિનાના પ્રથમ પખવાડિયામાં બાકીદારો સામે આક્રમક વલણ અખત્યાર કરતાં ૪ મિલ્કતોને સીલ કરવામાં આવેલ છે. આમ અત્યાર સુધીમાં ૨૯ જેટલી મિલ્કતોની તંત્રની ટીમો દ્વારા સીલ કરવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે જાન્યુઆરી મહિનામાં તંત્રને ૨.૩૪ કરોડની આવક થઈ હતી તો આજે પુરા થતા ચાલુ મહિનાના પખવાડિયામાં રૂ. ૩.૬૧ કરોડની વિક્રમી વસુલાત કરવામાં આવી છે.

તંત્ર દ્વારા મિલ્કતવેરાની વસુલી માટે ૧૫૨૨ મિલ્કતધારકોને નોટીસ આપવામાં આવી હતી. જાન્યુઆરી-૨૩ પહેલા અર્થાત્ ડિસે.૨૨ સુધીમાં ૪૦ કરોડ જેટલી આવક મિલ્કતવેરાની વસુલી પેટે થઈ હતી.

મનપાએ સરકારી મિલ્કતોના વેરાની વસુલાત માટે પણ માર્ગ-મકાન વિભાગ સાથે સતત પરામર્શ ચાલુ રાખ્યો છે. સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં હાલ આ પરામર્શ ચાલી રહ્યાનું જાણવા મળેલ છે.

મનપાએ આ વર્ષે વ્યવસાય વેરામાં ૧૦૦ ટકા વસુલી પછી મિલ્કતવેરાની વસુલીમાં પણ ૯૦ ટકા સુધીની વસુલાત મેળવી લીધી છે. મિલ્કતવેરાની વસુલાત માટે સવારથી જ તંત્રની ટીમો કામે લાગી જાય છે.

મિલ્કતવેરાની સૌથી વધુ વસુલાત દક્ષિણ ઝોનમાંથી થઈ રહી છે અને મિલ્કતોના સિલીંગમાં પણ દક્ષિણ ઝોનમાં આવેલી મિલ્કતોને જ કરવામાં આવ્યુ છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ નવા વિકાસ પામેલ વિસ્તારોમાં હાલ સર્વેની કામગીરી ચાલુ છે જે આ માસાન્ત સુધીમાં પૂર્ણ થઈ જશે તેમ મનાઈ રહ્યુ છે.

## સરીતા ઓવરહેડ ટાંકીમાં

# નવી પાઈપલાઈન નાંખવાનુ કામ પુર્ણ થતા પુરતા ફોર્સથી પાણી સપ્લાય કરાશે

### ઓવરહેડ ટાંકી સાથે જોડાયેલી મુખ્ય પાઇપલાઇનમાં ભંગાણ થતા નવા સેક્ટરોમાં સપ્લાય થતા પાણી પુરવઠામાં ઘટ પ્રવર્તી હતી : વર્ષ ૧૯૯૯ માં તૈયાર કરાયેલી પાણીની ટાંકી ૩૦ લાખ લીટરની ક્ષમતા ધરાવે છે

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરના નવા સેકટરોમાં પાણી સપ્લાય કરવા માટે સરિતામાં ૩૦ લાખ લીટરની ક્ષમતા ધરાવતી ટાંકી કાર્યરત છે. જયારે છેલ્લા કેટલાક સમયથી આ ટાંકીમાં ઉપર સાથે જોડાયેલી એક લાઇનમાં ભંગાણ થયુ હોવાના લીધે નવા સેકટરોમાં પણ પાણી પુરવઠો પ્રભાવિત થયો હતો જો કે તંત્ર કક્ષાએથી આ લાઈન બદલીની નવી નાંખવા માટે પણ કામ શરૂ કરી દેવાયુ હતુ. જેના અંતે હવે લાઇનનુ કામ પુર્ણ થતા નવા સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી ઉઠવા પામેલી પાણીની પોકાર પણ શાંત થઈ જશે તેમ પણ મનાઈ રહ્યુ છે.



ગાંધીનગરના નવા સેકટરોમાં સમયાંતરે પાણીની પોકાર ઉઠતી રહે છે. સરિતા ઉધાન ખાતે ૩૦ લાખ લીટરની ઓવરહેડ ટાંકી કાર્યરત છે. સરીતામાં આ પાણીની ટાંકી વર્ષ ૧૯૯૯ દરમિયાન તૈયાર કરવામાં આવી હતી જયારે આજદીન સુધી આ ટાંકીનુ રીપેરીંગ કરવામાં આવ્યુ નથી. જયારે આ ટાંકીના આધારે સે-૧ થી ૧૩ માં પાણી સપ્લાય કરવામાં આવે છે. અંદાજિત ૩૦ એમ એલ ડી જેટલો સપ્લાય આ ટાંકીના આધારે આપવામાં આવે છે. જો કે ટાંકીસાથે જોડાયેલી ઉપર જતી લાઇનમાં ભંગાણ થયુ હતુ પાણીના પ્રેશરના લીધે આ સમસ્યા સર્જાઇ હતી. જેના લીધે નવા સેકટરોમાં પાણીનો સપ્લાય આપવાનુ મુશ્કેલ બન્યુ હતુ. આ સમસ્યાને નિવારવા માટે તંત્ર કક્ષાએથી તાત્કાલિક લાઈનનુ રીપેરીંગ તેમજ નવી લાઈન નાંખવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી હતી. આખરે ૪૫ મીટર ઉંચી પાઈપલાઈનને તાત્કાલિક ધોરણે રીપેર કરી તુટી ગયેલી લાઈનને બદલવામાં આવી છે. જયારે ગઈકાલે નવી નાંખવામાં આવેલી લાઈનનુ ટેસ્ટીંગ કરવામાં આવ્યુ હતુ. જયારે સફળ ટેસ્ટીંગના અંતે આ વ્યવસ્થા પુન : કાર્યરત કરવામાં આવી છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૦ લાખનો ખર્ચ થયો હોવાનો અંદાજ છે. જો કે હજુ પાણીની ટાંકી સાથે જોડાયેલી અન્ય એક લાઇનનુ રીપેરીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. જે પણ ટુંક સમયમાં પુર્ણ થઈ જશે. જેથી હવે નવા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી આપવામાં આવશે છેલ્લા ૧૦ દિવસથી પાણી પુરવઠો પ્રભાવિત થયો હતો આ કામગીરીના લીધે નવા સેકટરોમાં રૂટીનમાં અપાતા સપ્લાયમાં પણ થોડો કાપ આવ્યો હતો જેના લીધે સ્થાનિકોમાં પાણીની પોકાર ઉઠી હતી. નવા સેકટરોમાં તેમાં ખાસ કરીને સે- ૩ , ૪ અને સે- ૫ માં પણ છેલ્લા કેટલાક દિવસોથી પાણી ફોર્સથી ન આવતુ હોવાની પોકાર સ્થાનિકોમાં ઉઠવા પામી હતી. આખરે ટાંકી સાથે જોડાયેલી લાઇનનુ કામ પુર્ણ થતા હવે સેકટરોમાં અગાઉની જેમ પુરતા ફોર્સથી સપ્લાય આપી શકાશે જેના લીધે સેકટરોમાં પાણીની ફરિયાદો ઉઠવા પામશે નહીં.

# રસ્તા ખુલ્લા કરવાના મામલે ગુડાના બિન અભ્યાસુ વલણથી પૈડા પરની જીન્દગી જોખમાઈ

### સરગાસણ ચોકડી પાસે ટ્રાફિક જામથી વાહનચાલકો તોબા..: રસ્તા ખુલ્લા કરીને મુખ્યમાર્ગો સાથે જોડી દેવાતા ટ્રાફિકની સમસ્યા પેચીદી બની

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર તેમજ આસપાસના વિસ્તારમાં ટ્રાફિકનુ પ્રમાણ ખુબ જ વધી ગયુ છે. શહેરમાં એક દાયકાથી વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. જયારે ગાંધીનગર અમદાવાદ વચ્ચેના રૂટમાં પણ સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. શહેર તેમજ આસપાસના માર્ગોના વાઇડનીંગનુ પણ તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે પરંતુ રોડ એન્જિયરીંગના લીધે ટ્રાફિક જામની સમસ્યા પેચીદી બનતી જાય છે. સરગાસણ ચોકડી પાસે પણ ગમે ત્યારે ટ્રાફિક જામ રાહદારીઓ માટે માથાના દુખાવા રૂપ બને છે. ગુડાની અણઘડતાના લીધે આ સ્થિતિ સર્જાઇ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. ગુડા દ્વારા એકબાજુ વિવિધ રસ્તાઓ ખોલવામાં આવી રહ્યા છે. જયારે રસ્તાઓના જોડાણ સર્વિર રોડ પર નહી પણ મુખ્ય માર્ગો સાથે આપી દેવતા ટ્રાફિકની સમસ્યા દિન પ્રતિદિન જટીલ બની રહી છે.

ગાંધીનગરના મુખ્યમાર્ગોની જાળવણીની જવાબદારી હાલ પાટનગર યોજના વિભાાગ સંભાળે છે. જયારે હવે સેકટરોના આંતરિક માર્ગો કોર્પોરેશનને સોંપી દેવાયા છે. પરંતુ હાલ માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ શહેરના માર્ગો પર જોખમી પરિબળો અસ્તિત્વ ધરાવે છે. જયારે ખુલ્લા અને પહોળા માર્ગોના કન્સેપ્ટ વચ્ચે શહેરમાં સ્માર્ટ રસ્તાઓ નિર્માણ કરવાની યોજના પણ અમલમાં છે. આવા સંજોગોમાં સરગાસણ ચોકડી પાસે ટ્રાફિક પોલીસના બન્દોબસ્ત વચ્ચે પણ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. મોટી સંખ્યામાં અવરજવર કરતા વાહનોના લીધે ટ્રાફિકના સંચાલનનુ કામ પણ નિયંત્રણમાં નથી તેમ કહીએ તો પણ ચાલે તેવી દયાજનક સ્થિતિના લીધે સ્થાનિકો પણ ગળે આવી ગયા છે. આ મામલે અભ્યાસ થતા એમ પણ મનાઈ રહ્યુ છે કે ગુડા દ્વારા છેલ્લા છ આઠ મહીનામાં રસ્તા ખોલવાની કામગીરી કરવામાં આવી ત્યારે ૮ માર્ગોનુ જોડાણ સીધા મુખ્યમાર્ગો સાથે આપી દેવામાં આવ્યુ છે. જયારે આ સ્થિતિ વચ્ચે સરગાસણ ચોકડી પાસે પણ વાહનોના ખડકલા વચ્ચે ટ્રાફિક જામના દ્રશ્યો કાયમ જોવા મળે છે. જયારે ટ્રાફિક જામના લીધે અનેકવાર નાના મોટા અકસ્માતો પણ થાય છે. પોલીસ પહેરા વચ્ચે પણ ટ્રાફિકની જટીલ સમસ્યા સ્થાનિકો માટે તોબારૂપ બની છે. આ મુદ્દે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી પણ તારણો રજુ કરવામાં આવી રહ્યા છે જેમાં જે રસ્તાઓ ખોલીને મુખ્ય માર્ગો સાથે જોડાણ આપવામાં આવ્યુ હોય તે બંધ કરીને સર્વિસ રોડ સાથે જોડાણ આપવામાં આવે જેથી ટ્રાફિકની સમસ્યા નિવારી શકાય આ મામલે તંત્ર દ્વારા પત્ર પણ લખવામાં આવશે.

# ફાઈવ સ્ટાર હોટલ લીલા પાસે કુવામાં કચરો વીણવા ઉતરેલી યુવતી મૃત્યુ પામી

### સોમવાર બપોરે ઘરેથી નીકળેલી યુવતિ પરત ફરી ન હતી, યુવતિ સે-૧૪ છાપરામાં રહેતી હતી, ખુલ્લા કુવાએ શ્રમજીવી યુવતિનો ભોગ લીધો, કચરાને પગલે પાણીનો અંદાજ ન લગાવી શકતા યુવતિ ઉંડા પાણીમાં ગરકાવ થઈ,ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ મૃતદેહ બહાર નીકાળ્યો, પોલીસે તપાસ હાથ ધરી





ગાંધીનગર, તા.૧૫

શહેરની ફાઈવ સ્ટાર લીલા હોટલની બાજુમાં ખુલ્લા કુવામાં ખાલી પાણીની બોટલ વીણવા જતા યુવતી મોતને ભેટી છે. ગંદકી અને કચરા થી ભરાયેલા કુવાના ઉંડા પાણીમાં યુવતી ગરકાવ થઈ ગઈ હતી. ગઈકાલે ફાયર વિભાગના જવાનો કુવામાં ઉતરી તપાસ કરી હોવા છતા યુવતીનો મૃતદેહ મળી આવ્યો ન હતો. જયારે આજે સવારે કુવામાંથી બે ડમ્પર કચરો દુર કરવામાં આવતા યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો. હોટલ લીલાના સીસીટીવી ફુટેજમાં શ્રમજીવી યુવતી અંદર ગયા પછી બહાર નહી આવી હોવાનું નક્કી થયું હતું. યુવતીનો મૃતદેહ મળી આવતા સેકટર-૭ પોલીસનો સ્ટાફ દોડી આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના રેલ્વે સ્ટેશન પાસે આવેલી હોટલ લીલા ના પાર્કિંગ સ્લોટ પાસે વર્ષો જુના જર્જરીત બે કુવા આવેલા છે. આ કુવામાં થર્મોકોલ તેમજ પાણીની ખાલી બોટલ સહિતની ચીજવસ્તુઓ અંદર પડેલી દેખાય છે. ત્યારે સેકટર-૧૪ છાપરા વિસ્તારમાં રહેલા કેટલાક શ્રમજીવી પરિવારના સભ્યો કચરાની ચીજવસ્તુઓ વીણતા નજરે પડે છે. ત્યારે સેકટર-૧૪ના છાપરામાં રહેતી અંદાજીત ૨૫ વર્ષિય ભારતી ભરતભાઈ વાઘેલા સોમવારના રોજ બપોરે ત્રણ વાગે ઘરેથી જમીને કચરો વીણવા માટે નીકળી હતી. ત્યારબાદ તે ઘરે આવી ન હતી.ત્યારે અંદાજે ઉંડા અને પહોંળા કુવામાં ૨૦ ફુટ જેટલુ પાણી ભરેલા કુવામાં થર્મોકોલ સહિતનો કચરો હોવાથી પાણી અંદર હોવાનો ખ્યાલ આવી શકે તેમ નથી. ત્યારે કુવામાં પાણીથી અજાણ ભારતી વાઘેલા કુવામાં પડી રહેલી પાણીની ખાલી બોટલો સહિતનો કચરો વીણવા માટે ઉતરતા જ ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

## વડનગરા નાગર બ્રાહ્મણ ઉઠમણું



અમારા પૂજ્ય માતૃશ્રી **કલાવતી વી.આચાર્ય** તા.૧૨/૨/૨૦૨૩ રવિવારના રોજ દેવલોક પામ્યા છે. તેમનું **ઉઠમણું ગુરૂવાર તા.૧૬/૨/૨૦૨૩ના રોજ સાંજે ૪થી ૬ વાગે સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેવા ટ્રસ્ટ વિશ્વકર્મા મંદિરની સામે, ગ્રામ ટેકનોલોજી સંસ્થાની સામે, સેક્ટર-૧૨** ગાંધીનગરમાં રાખેલ છે.

લિ.

| | |
|---|---|
| મિથિલેશ વી.આચાર્ય | સ્વ.દેવયાની એમ.આચાર્ય |
| જયેશ વી.આચાર્ય | |
| ભદ્રેશ વી.આચાર્ય | પૂર્ણા ભદ્રેશ આચાર્ય |
| ગુંજન એમ.આચાર્ય | બીના ગુંજન આચાર્ય |
| ચિ.ખુશી જી.આચાર્ય | દેવાંગના ક.શાહ (પુત્રી) |
| ચિ.વીર જી.આચાર્ય | |

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

# કુડાસણમાં પ્રાઈમ લોકેશનનો પ્લોટ નજીવા ભાવ વધારા સાથે વેચી દેવાયો !

### ગુડાની હરાજીમાં સરગાસણના પ્લોટ માટે નીરસ્તા

ન્યુ ગાંધીનગર નો વિસ્તાર કોર્પોરેશનમાં સમાવિષ્ટ કરી દેવાયા બાદ નાણાં ઉભા કરવા ગુડ એ આવક માટે નવા સ્ત્રોત શોધવા પડે તેવી સ્થિતિ છે આવક ઊભી કરવા બુડા દ્વારા તબક્કાવાર પ્લોટ ની હરાજી કરવા માટેનું આયોજન કરવામાં આવે છે જેના ભાગરૂપે ગુડાયે ચાર પ્લોટ ના વેચાણ માટે પ્રક્રિયા હાથ ધરી હતી આ અન્વયે કુડાસણમાં પ્રાઈમ લોકેશનનો પ્લોટ માત્ર ૧.૧૦ ટકાના મતલબ કે ૨૧.૪૫ લાખ જેવો નજીવો ભાવ વધારો સ્વીકારીને હરાજી કરી દેવાયો છે. આ ઉપરાંત વાવોલમાં બે પ્લોટમાં અનુક્રમે ૨૪ ટકાથી ૫૫ ટકા સુધીનો ભાવ વધારો મળતા ડેવલપર્સ સાથે સેટિંગ થયું હોવાનું પણ ચર્ચા સ્થાને છે

સરગાસણ સ્થિત પ્લોટ માટે તદ્દન નિરસતા દાખવી હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે હોવાનું સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે ગુડા દ્વારા હરાજીમાં મુકવામાં આવેલા પ્લોટ પૈકી કુડાસણમાં શ્રીધર ઔરૂમ પાસેના ૨,૬૮૧ મીટરના રહેણાંક હેતુના પ્લોટમાં પ્રતિ ચોરસ મીટરના ભાવ રૂપિયા ૭૩ હજાર સાથે કુલ તળિયાની કિંમત રૂપિયા ૧૯,૫૭,૧૩,૦૦૦ નિયત કરાઈ હતી. પરંતુ તેમાં માત્ર ૩ પાર્ટીએ રસ દાખવ્યો હતો અને કુલ ચાર બિડ ભરવામાં આવ્યા હતાં. હરાજી આગળ ચાલતા બિડરોએ પ્રતિ મીટરના રૂપિયા

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com